RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ


VOL - 8 • ISSUE NO - 12 • 5th DECEMBER - 2020 • RETAIL PRICE : RS. 10/- • PAGE - 20

હળવા હાથે અડકી લઇએ, હળવા ચહેરે મલકી લઇએ

ભીની પાંપણ, ભીના ખૂણાં, હળવી યાદે ઝળકી લઇએ

આવ, ફરીથી એકબીજામાં, હળવા હૈયે ધબકી લઇએ !!





## સંબંધ, સારપ અને સમાજ થી માતૃસંસ્થા સુધી

**વ્હાલા સૌ જ્ઞાતિ જનો,**

**જય જલારામ ....... જય રઘુવંશ.... જય મહાપારિષદ .....**

જીવનમાં ખુશ થવા અને ખુશ રહેવા માટે પદ, પૈસો, પ્રતિષ્ઠા અને સફળતા ઉપરાંત મહત્વની વસ્તુ સબંધ પણ છે. માણસ ઈચ્છે કે ના ઈચ્છે તો પણ એની આસપાસ સંબધોની એક સૃષ્ટિ એના જન્મ સાથેજ રચાય છે. આ સૃષ્ટિનો પ્રારંભ માતા-પિતા થી થાય છે. લોહીનાં કેટલાક સંબંધો પણ આપમેળે બંધાય છે. પતિ-પત્ની, માતા - પિતા, ભાઈ - બહેન , મિત્રો કે જ્ઞાતિ સમાજના સંબંધો . આ દરેક સંબંધ જીવનને એક નવો અર્થ, નવી સંવેદના અને નવી સમજ આપે છે. માણસની આસપાસ સંબંધોના અનેક વર્તુળો રચાય છે અને વિસ્તરતા રહે છે . આ બધા સંબંધો ગતિશીલ છે. એ બંધાય છે અને બદલાય પણ છે.

સંબંધો માણસનું અંગત અને સામાજિક સ્વરૂપ છે. સંબંધોના આ સરોવર માં કમળ હોય છે અને વમળ પણ હોય છે. દરેક સંબંધો કાયમી નથી હોતા. બધા સંબંધો અંતે ઋણના સંબંધો હોય છે. દરેક સંબંધો નું એક સ્વત્વ હોય છે અને વ્યક્તિત્વ હોય છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનાં માધ્યમ થી જોડાયેલ આપણે સૌ કોઈ ના કોઈ ઋણાનુબંધ થી સંબધાયા છે. આપણા પુરોગામી સૌ પ્રમુખશ્રીઓ, જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ, રઘુવંશી સમાજ એકબીજાના નજીકના સંબધોમાં બંધાય અને એ રીતે સમાજ પ્રગતિ અને વિકાસ કરે તે માટે સતત અને સઘન પ્રયત્નો અને પ્રવુતિઓ હાથ ધરી હતી. મને પ્રમુખ તરીકે મળેલ આ ભવ્ય અને શ્રેષ્ઠ વારસાને મે અને મારી ટીમે શ્રેષ્ઠત્તમ થી ઉત્તમોત્તમ સ્થાને પહોચાડવા અનેક પ્રકલ્પો દ્વારા સમાજને ઉપયોગી થવા નમ્ર પ્રયાસો કર્યા . ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય , સંગઠન જેવા ક્ષેત્રોમાં આપણી વિવિધ ટીમોએ ઘણા ફળદાયી કાર્યો કર્યા તેનો મને ખુબજ આનંદ અને ગર્વ છે.

આપણા દ્વારા થયેલા આ બધાજ ઉપયોગી અને ફળદાયી પ્રકલ્પોની સફળતાના મૂળમાં સેવાની ભાવના સાથે સારપ ની ઊંડી જોડાયેલી છે. તેથી જો આપણે આપણા સમાજમાં સંબધો ને વધુ સ્વસ્થ અને સુદઢ બનાવવા હોય તો આપણા જીવતરનું, ભણતર, ગણતર અને આપણા ખરેખર રડતર - મળતર નું લક્ષ્ય હોવું જોઈએ સારપ. સારૂ કરવું અને સારૂ થવું એ છે સારપ. આ માટે ગાંધીજીના ત્રણ વાનરોમાંથી પ્રેરણા લઈએ. બૂરું જોવું નહિ, સંભાળવું નહિ ને બોલવું પણ નહિ. કેમ કે બુરાઈમાં બરબાદી છે. ભલાઈ માં આબાદી છે. સારપથી બધા જ સંબધો સચવાઈ છે. સંબંધને સાચવે તે સારપ, સંસ્કારે તે સારપ.

ભાઈઓ બહેનો, માતૃ સંસ્થાનો મને મળેલો ભવ્ય વારસો મે અને મારી ટીમે સેવાની સાથે સ્નેહાળ સંબધો અને સારપ ના સદગુણો થકી સિંચન કરવાનો નમ્ર પ્રયાસ કર્યો અને હવે ગત તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ વરણી સમિતિમાં સર્વાનુમતે આગામી ૨૦૨૦ થી ૨૦૨૫ માટે પસંદગી પામેલ મારા અનુગામી પ્રમુખ શ્રી સતિષભાઈ વીઠલાણી પણ જ્ઞાતિ મૈયાની સેવામાં આવાજ ભાવ સાથે આગળ વધવાની ખેવના ધરાવે છે તેવો મને અડગ વિશ્વાસ છે. કેમકે તેઓ પણ સંપ,એકતા અને સુહૃદયભાવના હિમાયતી છે. ચાલો આપણે સૌ પ્રેસિડન્ટ ઈલેક્ટ શ્રી સતિષભાઈ ની સાથે ખભે ખભા મિલાવીને કામ કરીએ કે જેથી "એક ને એક બે નહિ પરંતુ અગિયાર થાય". ચાલો આપણે સૌ નકારાત્મક વિચારોનો સાથ છોડી, હકારાત્મક અને રચનાત્મક પ્રવુતિઓ ને હાથ આપીએ કે જેથી મહાન અને દુષ્કર કાર્ય પણ સહજ અને સુકર બને.

સમસ્ત દુનિયાના રઘુવંશી સમાજને પુનિત બનાવતી માતૃસંસ્થા મહાપરિષદ રુપી જ્ઞાતિગંગાને મલિન ન બનાવતા તેની પ્રવિત્રતા તેમજ નિર્મલતાને આપણે સંપ, ત્યાગ અને બલિદાન ના સિંચન થી ટકાવીએ.આવો આપણે સૌ શુભ વિચાર, શુભવાણી અને શુભ કાર્ય ની ધારણા રાખી શુભ ભાવમાં રહીએ. મારા કાર્યકાળ દરમ્યાન માતૃસંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, પુરોગામી પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, વિદેશના સૌ ઉપપ્રમુખશ્રીઓ , મહામંત્રીશ્રીઓ, ખજાનચિશ્રીઓ, પ્રભારીશ્રીઓ આ દરેકે દરેકે મને દિલથી સાથ સહકાર અને માર્ગદર્શન આપ્યા તે સૌની સારપ ને સલામ. સ્થાયી સમિતિઓ - શિક્ષણ , આરોગ્ય, પર્યાવરણ , થેલેસેમિયા, રમતગમત, પ્રોફેશનલ, વાત્સલ્ય , યુવા , મહિલા, સામાજિક સુરક્ષા વગેરે સૌ સમિતિના અધ્યક્ષશ્રી ઓ એ પોતાની ટીમ સાથે સમયની માંગ મુજબ જે જ્ઞાતિ ઉપયોગી અને વિકાસના કાર્યો કર્યા તે સૌને વંદન સહ અભિનંદન . સૌ દાતાઓની જિંદાદિલી અને ઉદારતા ને પણ વંદન. મને પાંચેય વર્ષ તમામ પ્રકારની સહાય કરવા નામી અનામી સૌનો ઋણ સ્વીકારી આભાર વ્યક્ત કરુ છુ. લાસ્ટ બટ નોટ ધ લીસ્ટ આપણું આ લોકપ્રિય મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી તરીકે સુંદર કામગીરી અને વિચાર પ્રેરક લેખ આપી સમાજમાં હકારાત્મક અને સારપનો પ્રચાર - પ્રસાર કરવામાં મને સાથ આપનાર તંત્રી શ્રી ચંદ્રકાન્ત તન્નાને બિરદાવી મારી પ્રસંન્નતા અને આભાર વ્યક્ત કરું છું. અંતમાં ફરીથી આપ સૌનો આભાર માની એટલુ જ કહીશ :

"કદી સારો લાગે છે, તો કદી નરસો લાગે છે,
પણ તોય આ રઘુવંશી મને મારો લાગે છે."

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

ડિસેમ્બર - 2020

માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક મંત્રી : હરીશ બી. ઠક્કર

વિભાગીય સંકલકશ્રીઓ :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

હેલ્પલાઈન નં. :
૦૭૯-૪૦૦૯ ૧૦૦૫, ૯૯૦૯૯ ૯૯૩૦૮



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
વરણી સમિતીનો અહેવાલ........ ૫
નવા વરાયેલા પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી દ્વારા શુભેચ્છા મુલાકાત ........ ૮
મહિલા સમિતિનો અહેવાલ ........ ૧૩
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૪
શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી સમિતિની બેઠકનો એજન્ડા ........ ૧૬
શ્રી લોહાણા મહાપરિષદની આગામી મધ્યસ્થ મહાસમિતિની બેઠકનો એજન્ડા........ ૧૮
સૌજન્ય જાહેરાત - (શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ) ........ ૨૦





સમગ્ર રઘુવંશી સમાજ માટે અત્યંત આનંદ અને ગૌરવ પ્રાપ્ત થાય તેવી એક વિરલ બાબત બની. શ્રી જલારામ મંદિર વિરપુરના ગાદીપતિ પૂજ્ય રઘુરામબાપાના પ્રસ્તાવ અને લાગણીને માન આપીને અયોધ્યા ખાતે તૈયાર થઈ રહેલ નવનિર્મિત રામમંદિરમાં ભગવાન રામલલ્લાને જલારામ મંદિર વિરપુર ધામ તરફથી ભોજન થાળ ધરાવવાની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી. આ નિમિત્તે સમગ્ર વિશ્વના રઘુવંશીઓ તેમજ પૂજ્ય જલારામ બાપાના ભક્તોમાં અત્યંત આનંદની લાગણી ફેલાઈ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફતી પૂજ્ય રઘુરામ બાપા અને શ્રી ભરતભાઈ પરિવારને ખૂબ ખૂબ અભિનંદન સહ વંદન પાઠવે છે.

## તંત્રી સ્થાનેથી

# પરિવર્તન : સંસારનો સહજ ઉપક્રમ

અંગ્રેજીમાં એક કહેવત છે "Nothing is concrete except change" અર્થાત્ બદલાવ કે પરિવર્તન સિવાય આ જગતમાં કશું જ નક્કર નથી. પરિવર્તન એ સંસારનો સહજ ક્રમ છે. માણસની આદિમાનવથી આધુનિક માનવ સુધીની યાત્રામાં પણ આ જ નિયમ લાગુ કરી શકાય. ઇતિહાસકારો કહે છે, આદિમાનવ તરીકે માણસના હાથમાં ઘોડાની લગામ આવતાં એક લાખથી પણ વધુ વર્ષ લાગ્યાં. ત્યાર પછી માત્ર ઘોડાની મદદથી માણસજાતે નવખંડ ધરતી ઘૂમી વળવાનો પુરુષાર્થ કર્યો. દિવસ અને રાત ધરતી પર ઘોડા દોડતા રહ્યા. સદીઓ સુધી આ ક્ષિતિજથી પેલી દૂરની બીજી ક્ષિતિજ સુધી. અનેક યુદ્ધ થયાં. ઘોડો માણસ જાતનો અખંડ સાથીદાર. ઈ.સ. ૧૮૬૦માં ઔદ્યોગિક ક્રાંતિ થઈ. ઈ.સ. ૧૮૮૦ના દાયકામાં કાર્લ બેન્ઝે પોતાની ત્રણ પૈડાની પ્રથમ મોટર વેગનની પેટન્ટ લીધી ત્યારથી પૃથ્વી પર ઘોડાના હણહણાટ આથમવા લાગ્યા. વધુ સારો વિકલ્પ મળે એટલે સદીઓના વફાદારનેય પડતા મૂકે એનું નામ માણસ. ઈ.સ. ૧૯૮૦ના સમયમાં વિશ્વવિખ્યાત લેખક એલ્વિન ટોફલરે "ધ થર્ડ વેવ" પુસ્તક લખ્યું ત્યારે એમાં એવી કલ્પના હતી કે છેક ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ થયેલી માનવ-વસાહતોની આગેકૂચ પૃથ્વી ઉપર હજુ પણ વધુ સુખ-સમૃદ્ધિ લાવશે. વેવ એટલે મોજું જ્યારે આવે છે ત્યારે અગાઉનું બધું જ બાજુ પર ધકેલીને આગળ વધે છે. ટોફલરે ઔદ્યોગિક ક્રાંતિને સેકન્ડ વેવ - બીજું મોજું કહ્યું હતું, જેમાં 'સમૂહ' શબ્દ કેન્દ્રમાં હતો. સામૂહિક ઉત્પાદન, સામૂહિક સંહારનાં સંસાધનો, સમૂહ માધ્યમો, સમૂહ શિક્ષણ એટલે કે માસ એજ્યુકેશન. એ વખતે ટોફલરની આ વિચારધારા પર દુનિયા આફરીન થઈ ગઈ હતી અને આ પુસ્તક પર દુનિયાભરનાં લાખો શહેરમાં પરિસંવાદ યોજાયા હતા.

એ પછી મીડિયાના માંધાતા ગણાતા ભીષ્મ પિતામહ સમા માર્શલ મોકલુહાને પહેલી વાર દુનિયાને ગ્લોબલ વિલેજની વિભાવના આપી ત્યારે પણ જગત અચંબામાં પડી ગયું હતું. શું ખરેખર એવી ટેક્નોલોજિકલ ક્રાંતિ આવશે કે જ્યાં સમગ્ર દુનિયા એક વૈશ્વિક  ગામડું ગણાશે ? માર્શલ મોકલુહાનની ધારણા પ્રમાણે પછીના દાયકામાં ખરેખર જ એવી ક્રાંતિ આવી. ટોફલરે થર્ડ વેવ તરીકે ઈન્ફર્મેશન  એજની વાત કરી. ધ થર્ડ વેવ પુસ્તક આપ્યું એના દસ વર્ષ પહેલાં ૧૯૭૦માં તેમણે 'ફ્યૂચર શોક' નામનું પુસ્તક આપ્યું હતું. ત્યારે પણ કોઈને કલ્પના ન હતી કે એમની વાત આટલી ઝડપથી સાચી પડશે. આ પુસ્તકમાં એક વાક્ય બહુ મહત્ત્વનું છે, જે આખા પુસ્તકનો સાર છે. ટોફલર કહે છે કે બહુ જ ઓછા સમયમાં બહુ જ વધારે પડતાં પરિવર્તન જોવા મળશે. આ વાક્યમાં સકારાત્મક પાસાં પણ છે અને નકારાત્મક પણ છે, તો પણ ટોફલરનું આ વાક્ય અમર છે અને સમગ્ર માનવજાતિ હજુ પણ ટોફલરના એ ઉદ્ગારના પડછાયામાં જ ઊભી છે.

મિત્રો, પરિવર્તનનો આ પવન એવો ઝડપથી ફૂંકાઈ રહ્યો છે કે પહેલાં આપણે એવું કહેતાં કે દર દસ વર્ષે પેઢી બદલાઈ જાય છે, પરંતુ આજે એવું અનુભવાય છે કે દર બે-ત્રણ વર્ષે બે પેઢી વચ્ચે મોટો બદલાવ કે પરિવર્તન જોવા મળે છે. એ બદલાવ કે પરિવર્તન વિચારોનું હોય, જીવનશૈલીનું હોય કે પછી જીવનધોરણનું હોય પણ એ ચરિતાર્થ થતું જોવા મળી રહ્યું છે. કહેવાતી સુખ-સાહ્યબી અને ભૌતિક સંસાધન પ્રાપ્ત કરવાની આંધળી દોડ માટે સતત પરિવર્તન લાવવા મથતા માણસે કુદરત સાથે રીતસરનો જંગ ચાલુ કર્યો છે તે આ પરિવર્તનનું નકારાત્મક પાસું છે. આ જંગ એકબીજાને ખતમ કરવા સુધી અનેક વાર પહોંચેલો છે. પૃથ્વી પોતાના બાપની છે અને કુદરત તેની ચાકરી કરવા સર્જાયેલ છે એવા અહંમાં જીવતા માણસને વારંવાર કુદરતે લપડાક મારી છે. 'કોવિડ-૧૯' કોરોના વાઈરસ કદાચ આ અવિરત જંગનું જ એક પરિણામ હોઈ શકે, પરંતુ  એક વાત ચોક્કસ છે કે કોરોનાના આ કપરાકાળ પછીનું માનવજીવન કંઈક જુદું જ હશે. પોસ્ટ કોરોનાનું આ પૃથ્વી પરનું પરિવર્તન માનવી અને કુદરત વચ્ચે અવિરત ચાલતા જંગનો અંત હોય તેવી આપણે અપેક્ષા સેવીએ. હવે પછીનું પરિવર્તન કુદરત અને માનવી વચ્ચે સુમેળતા, સમતોલપણું અને એકબીજાની કદર અને સંભાળ લેવાનું હોય તેવી જગતના તાતને હૃદયપૂર્વકની પ્રાર્થના કરીએ.

મે આગળ જણાવ્યું એમ પરિવર્તન સંસારનો સહજ ક્રમ છે. એ મુજબ આપણા સૌની માતૃસંસ્થા મહાપરિષદના સંચાલન અને વહીવટમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ના પ્રમુખ તરીકે માતૃસંસ્થાની વરણી સમિતિ દ્વારા જ્ઞાતિ શ્રેષ્ઠી અને વર્ષોના અનુભવી શ્રી સતીશભાઈ વિઠલાણીની પસંદગી કરી છે. માતૃસંસ્થાના તમામ પ્રમુખશ્રીએ જ્ઞાતિમૈયાને પોતપોતાની આગવી સૂઝ અને કુશળતા પ્રમાણે ભવ્ય અને દિવ્ય વારસો આપ્યો, જેને વર્તમાન પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકે બખૂબી નિભાવી ઘણા શુભ અને સારા જ્ઞાતિ વિકાસના પ્રકલ્પ દ્વારા આગળ વધાર્યો. હવે પ્રેસિડેન્ટ ઈલેક્ટ માનનીય શ્રી સતીશભાઈ વિઠલાણી કે જેઓ ખરેખર એક વિઝનરી, નિષ્ઠાવાન અને સેવાને વરેલા માતૃસંસ્થાના વર્ષો જૂના સેવક છે તે પણ માતૃસંસ્થા - તેની ગરિમાને સિદ્ધિઓનાં ઉચ્ચતમ સોપાને પહોંચાડશે તેવી અભ્યર્થના વ્યક્ત કરી તેઓને ખૂબ ખૂબ અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ પાઠવીએ.

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

# વરણી સમિતીનો અહેવાલ






રઘુવંશીઓની વૈશ્વિક સ્તરે કાર્યરત માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની મિટિંગમાં સભાપ્રમુખ તથા પૂર્વ પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ લાખાણીના નેતૃત્વ હેઠળ બંધારણના નિયમો મુજબ રચાયેલ વરણી સમિતિના નામોની જાહેરાત શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા કરવામાં આવી હતી. જે અનુસંધાને વરણી સમિતિની બેઠક શનિવાર તા. ૪ જાન્યુઆરી, ૨૦૨૦ રોજ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ ભવન, સોલા ભાગવત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાઈ હતી.

ઐતિહાસિક વરણી સમિતિની  પ્રથમ બેઠક દરમિયાન વર્તમાન પ્રમુખ શ્રી પ્રવીણભાઈ તલકશીભાઈ કોટકની સર્વાનુમતે ફરી શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખપદે વરણી કરાઈ હતી.પરંતુ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના વ્યક્તિગત કારણો અને સંજોગોના કારણે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વર્ષ ૨૦૨૦ - ૨૦૨૫ માટે પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી મુક્ત થવા અનિચ્છાને કારણે પ્રવર્તમાન સંજોગોને લીધે શ્રી લોહાણા મહાપરિષદની વરણી સમિતિની દ્વીતીય મીટીંગ ઓનલાઈન ઝુમ એપ પર તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ યોજાઈ હતી. જે માટે સૌ સભ્યોને અગાઉથી જ ઝુમ એપના આઈ.ડી. તથા પાસવર્ડ ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવેલ.

કુલ ૨૭ સભ્યોની આ વરણી સમિતિની બેઠક દરમિયાન સમાજ અને સંસ્થાના હિત, પ્રગતિ તથા મૂળભૂત હેતુ સંગઠન અને બંધુત્વની ભાવનાને ધ્યાનમાં રાખી સંગઠન, શૈક્ષણિક, વૈદ્યકીય, ધાર્મિક, યુવા, મહિલા સશક્તિકરણ તથા અન્ય વિશેષ કાર્યક્રમોને ધ્યાનમાં રાખી મુંબઈના શ્રી સતિષભાઈ ડી. વિઠલાણીની સર્વાનુમતે વરણી કરાઈ હતી.







પ્રવર્તમાન સંજોગોને કારણે ઓનલાઈન મળેલ દ્વીતીય વરણી સમિતિની મીટીંગમાં કુલ ૨૭ સભ્યોમાંથી ૨૬ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં વર્તમાન પ્રમુખ અને વરણી સમિતિના અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ કોટક ઉપરાંત પૂર્વ પ્રમુખ/ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી - કોલકાતા, પૂર્વ પ્રમુખ/ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણી - અમદાવાદ, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર - અમદાવાદ, મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર - અમદાવાદ, મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા - મુંબઈ, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક - અમદાવાદ, ખજાનચી શ્રી નિતિનભાઈ પાંધી - મુંબઈ, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભુપતાણી - અમદાવાદ, વડીલ મુરબ્બી શ્રી નવીનચંદ્રભાઈ રવાણી - અમદાવાદ, શ્રી પોપટલાલભાઈ અખાણી - ભાભર, શ્રી શરદચંદ્રભાઈ આદતીયા - જુનાગઢ, શ્રી સતિષભાઈ વિઠલાણી - મુંબઈ, શ્રી અજયભાઈ વડેરા - ગોંદીયા, શ્રી હેમંતભાઈ કાથરાણી - ભુવનેશ્વર, શ્રી ઠાકોરભાઈ ઠક્કર - વડોદરા, શ્રી કે.સી.ઠક્કર - ગાંધીધામ, શ્રી સુરેશભાઈ ચંદારાણા - રાજકોટ, શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર - નાશીક, શ્રી નરેન્દ્રભાઈ દાવડા - નાગપુર, શ્રી વિનોદભાઈ ઓંધીયા - કોલકાતા, શ્રી મુકેશભાઈ સાંગલાણી - ગોવા, શ્રી નવીનભાઈ કાનાબાર - આફ્રીકા, શ્રી મુકેશભાઈ પુજારા - રાપર, શ્રી પ્રમોદભાઈ પટેલીયા - નાગપુર, શ્રી અશ્વીનભાઈ ઠક્કર - કોઈમ્બતુર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આમ, આ વરણી સમિતિની મીટીંગમા ભુજના ડો. નિમાબેન આચાર્ય એ અનિવાર્ય સંજોગાને કારણે પોતાની ગેરહાજરીની નોંધ કરાવી હતી.

મીટીગ ની શરૂઆત સૌ પ્રથમ રઘુવંશી ધ્વજવંદન ગીત દ્વારા કરવામાં આવી હતી ત્યારબાદ સૌ હાજર રહેલા વરણી સમિતિના સભ્યોને માતૃસંસ્થાના મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા સૌ સભ્યોને આવકાર્યા હતા. ત્યારબાદ ગત વરણી સમિતિની બેઠકનું મિનિટ્સનું વાંચન કર્યુ હતું અને જેને સર્વાનુમતે અનુમોદન મળતા પ્રમુખશ્રીએ તેના ઉપર સહી કરી સભાની બહાલી મેળવી હતી.





ત્યારબાદ માતૃસંસ્થાના પ્રમુખ તેમજ વરણી સમિતિના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રાસંગીક ઉદ્દબોધન કર્યુ હતું અને સૌપ્રથમ આ મીટીગમાં જોડાવવા બદલ સર્વ ટીમનો આભાર માન્યો હતો તેમજ વરણી સમિતિની પ્રથમ મીટીંગમાં જે રીતે તેમની વરણી થઈ તે વિશે સૌને માહીતગાર કરી કેવી રીતે પોતે આ જવાબદારી સંભાળી, અને પોતાની અનિચ્છા હોવા છતા સ્વીકારતા શ્રી પ્રવિણભાઈ કોટકે જણાવ્યું હતું કે વરણી સમિતિ એક જ્ઞાતિગંગા સમાન પવિત્ર સમુહ છે જે સમસ્ત મહાજન તથા વિવિધ રઘુવંશી સંસ્થાઓના પદાધિકારી અને મહાનુભાવોનો એક વિશેષ સમુદાય છે, જેની લાગણી અને નિવેદનને સંત શિરોમણી શ્રી જલારામબાપાનો પ્રસાદ અને સમસ્ત રઘુવંશના આશીર્વાદ સમજી સ્વીકાર કરેલ અને પોતાની જાતને ધન્ય ગણી, સૌ વરણી સમિતિના સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી પ્રવિણભાઈએ આગળ જણાવ્યુ હતું કે તેમની ટીમ દ્વારા સમાજનું જે પણ કામ થયું છે તેને માતૃસંસ્થાના ચરણોમાં સમર્પિત કરતા જણાવ્યુ હતું કે પોતે પદના માણસ નથી પાદુકાના માણસ છે, સત્તાના માણસ નથી સતના માણસ છે અને સૌનો સાથ, રઘુવંશીઓનો વિકાસ એ ભાવના રાખી પોતે આગામી પ્રમુખ તરીકે





અનિચ્છા જાહેર કરી હતી.શ્રી પ્રવિણભાઈએ વધુમાં જણાવ્યું હતું કે પોતાની સમગ્ર ટીમ દ્વારા થયેલ સેવા કાર્યો બદલ ગૌરવની લાગણી અનુભવતા સમગ્ર રઘુવંશી સમાજ ને વંદન કરી, વરણી સમિતિને વિનંતી કરી હતી કે આગામી પાંચ વર્ષ માટે સમાજને એક નવા પ્રમુખ મળે અને સમાજનું સંગઠન વધે, સેવા કાર્યો વધુ ને વધુ થાય તે માટે નિર્ણય લેવા જણાવ્યું હતું. સાથો સાથ પોતાની સમગ્ર ટીમ દ્વારા વર્ષ ૨૦૧૫ - ૨૦૨૦ દરમીયાન માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ કાળ દરમીયાન થયેલ સેવા કાર્યોને ઉજાગર કરતા પંચવર્ષીય અહેવાલ સ્વરૂપે માતૃસંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વનો દિવાળી અંક રઘુવંશ ગૌરવ ગાથા - પ્રગતિ પંથ પ્રકાશ રજુ કરી વિશેષ વડીલ મુરબ્બી શ્રી નવિનચંદ્રભાઈ રવાણીના હસ્તે સમાજને સમર્પીત કરેલ.

ત્યારબાદ સમાજ શ્રેષ્ઠી શ્રી તેમજ વડીલ મુરબ્બી શ્રી નવીનચંદ્રભાઈ રવાણી સાહેબ એ પ્રાસંગીક ઉદ્દ્બોધન કર્યું હતું. પ્રમુખ માટે આવેલ નામો વિશે ચર્ચા વિચારણા તથા આવેલ ઉમેદવારો વિશે તમામ સભ્યોને માહીતી આપી હતી. અંતે સમાજ શ્રેષ્ઠી શ્રી સતિષભાઈ વિઠલાણીની માતૃસંસ્થાના આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકે પસંદગી સુચવી, વરણી સમિતિના સર્વ સભ્યોને પણ વિનંતિ કરી હતી કે તેઓ પણ સર્વાણુમતે શ્રી સતિષભાઈ વિઠલાણીની પ્રમુખ તરીકે વરણી પસંદગી કરી સમાજને એક નવા પ્રમુખ મળે તે માટે વિનંતિ કરી હતી.

ત્યાર બાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સર્વે ઓનલાઈન હાજર રહેલ સભ્યોને ખાસ વિનંતી કરી હતી કે દરેક સભ્ય પોતાની અનૂમતી તેમજ પસંદગી પોતે પોતાના વકતવ્ય દ્વારા રજૂ કરે અને સર્વ સંમતિથી સમાજના વિકાસ ને વેગ મળે તે માટે પોતાના ટેકો સુયોગ્ય વ્યકતિને આપે આમ વરણી સમિતીના દરેક સભ્યોએ પ્રાસંગિક ઉદ્દ્ભોદન કર્યુ હતું અને સર્વાનુમતે મૂળ અમરેલીનાં અને વર્ષોથી વલસાડ ના રહેવાસી જ્ઞાતિ અગ્રણી શ્રી સતિષભાઈ વિઠલાણીની આગામી પાંચ વર્ષ માટે માતૃ સંસ્થાનાપ્રમુખ તરીકે વરણી કરી હતી.

અંતે નવા વરાયેલ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી એ ભાવુક થઈ સૌનો રુણ સ્વીકાર કરતા જણાવ્યુ હતુ કે વરણી સમિતીના દરેક સભ્યોએ મારી પસંદગી કરી તે બદલ હુ આપ સૌનો આભારી છુ તેમજ પૂજ્ય જલારામ બાપા અને પરમ કૃપાળુ પરમાત્માને યાદ કરીને સમાજ પ્રત્યે મારી આ જવાબદારી સ્વીકારી આપ સૌના સાથ અને સહકારથી બખૂબી નીભાવીશ. સર્વાનુમતે વરણી પામેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીને પુષ્પગુચ્છ અને પુષ્પમાળા પહેરાવવી અભિનંદન અને શુભેચ્છાઓ આપી હતી. સૌએ મોઢું મીઠું કરી ઐતિહાસિક સભાને બિરદાવતા એકબીજાને અભિનંદન આપ્યા હતા. અંતે મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કરે આભાર પ્રવચન દ્વારા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને સભા સંપન્ન જાહેર થઈ હતી.

**હરીશ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા**
**મંત્રીશ્રીઓ, લોહાણા મહાપરિષદ**

# દક્ષિણ ગુજરાત લોહાણા સમાજ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના નવા વરાયેલા પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી સાથે સ્નેહ મિલન સમારંભ









તારીખ ૨૬ નવેમ્બરના રોજ વલસાડ ખાતે શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન સાંસ્કૃતિક હોલ, તિથલ રોડ મુકામે સાંજના સુમારે એક સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું જેમાં લોહાણા સમાજની વિશ્વવ્યાપી સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના તાજેતરમાં નવા વરાયેલા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીના પરિચયનો સૌ એ લાભ લીધો.

દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયો. વડોદરા થી ઉમરગામ સુધીના દક્ષિણ ગુજરાતના કેટલાક કર્મનિષ્ઠ કાર્યકરોની હાજરીમાં સૌએ સતિષભાઈ ની વરણીને બિરદાવી હતી. જેમાં દક્ષિણ ગુજરાત, શ્રી લોહાણા મહાપરિષદ ની યોજનાઓથી અજાણ અને મોટેભાગે લાભથી વંચિત હોવાની રજૂઆત થઇ હતી. સતિષભાઈ એ તેમના પ્રવચનમાં છેક સમાજના છેવાડાના માનવી સુધી પહોંચી જરૂરતમંદને ચોક્કસ મહાપરીષદ દ્વારા લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા સધિયારો આપ્યો હતો. મહાપરીષદ દ્વારા આવતી શિક્ષણની આરોગ્યની યાત્રાધામોની યોજનાઓ વિશે માહિતી આપી હતી અને હવે પછી ના સમયમાં તેઓ શિક્ષણની યોજનાઓ પર ભાર મૂકવા માંગે છે તેમજ આરોગ્યલક્ષી યોજનાઓ અને તીર્થધામોની વ્યવસ્થા અંગે પણ આગામી વર્ષોમાં આયોજન થશે અને અયોધ્યામાં જલારામ મંદિર બાંધવા ની ઈચ્છા હોવાનું પણ જણાવ્યું હતું. સ્ત્રી શક્તિને જાગૃત કરી મહાપરિષદમાં તેનો સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થાય તેવી ભાવના પણ વ્યક્ત કરી હતી, જેમાં તેમના ધર્મપત્ની રશ્મિબેન એ પણ સાથ પુરાવ્યો હતો અને મહિલા મંડળ અને તેની પ્રવૃત્તિઓનો પરિચય મેળવ્યો હતો. હાજર સૌ રઘુવંશી ભાઈ બહેનોએ પણ તેમના કાર્ય કાળ દરમિયાન તમામ સ્તરે સાથ સહકારની ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં વડોદરા, ભરૂચ અંકલેશ્વર, સુરત, નવસારી, વાપી, સિલ્વાસા, ઉમરગામ, નવાગામ બીલીમોરા, સોનગઢ, વ્યારા, ધરમપુર વગેરે અનેક સ્થળોએથી ઘણા મહાનુભાવોએ અને રઘુવંશી ભાઈ-બહેનોએ પ્રશંસનીય હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નવસારીના ઉષાબેન હિરાણીએ કર્યું હતું અને નરેન્દ્રભાઈ માખેચા એ સૌનો આભાર માન્યો હતો.

**- જીજ્ઞેશભાઈ ભજીયાવાળા, સુરત**

# સૌરાષ્ટ્રની શુભેચ્છા મુલાકાતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવા વરાયેલા પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી




માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવ વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ પોતાનો સૌરાષ્ટ્રનો પ્રવાસ પૂ. જલારામ બાપાના આશીર્વાદ મેળવી સમાજ એકમત થાય અને સૌનો સાથ, સમાજનો વિકાશ થાય અને આવનારા વર્ષોમાં સમાજમાં કોઈ જ તકલીફ ન પડે તેવી પ્રાથના કરી વિરપુર ધામથી શરૂ કર્યો હતો. આ સાથે સૌરાષ્ટ્ર વિભાગના વિભાગીય ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા પણ જોડાયા હતા. ત્યારબાદ તેઓ રાજકોટ ખાતે  શ્રી રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખશ્રી રાજુભાઈ પોબારૂ, કારોબારી પ્રમુખ શ્રી ડો. નિશાંત ચોટાઈ તથા સમાજના અગ્રણીઓ સાથે પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી. સાથે માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી વિણાબેન પાંધીના ઘરે  પણ શુભેચ્છા મુલાકાતે ગયા હતા. અંતે માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી જંયતિભાઈ કુંડલીયાના સુપુત્ર શ્રી કીરીટભાઈ દ્વારા તૈયાર કરાયેલ શ્રી સિદ્ધીવિનાયક મંદિરના પણ દર્શન કર્યા હતા. શ્રી કીરીટભાઈએ નવ વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી તથા સૌરાષ્ટ્ર વિભાગના વિભાગીય ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા તેમજ આવેલ તમામ મહેમાનોનું સ્વાગત કરી આરતીનો લાભ મેળવ્યો હતો.

- સુરેશભાઈ ચંદારાણા, રાજકોટ
વિભાગીય ઉપપ્રમુખ, સૌરાષ્ટ્ર વિભાગ







# નવા વરાયેલા માનનીય પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીની કચ્છ જિલ્લા ની બે દિવસની મુલાકાત





લોહાણા જ્ઞાતિ ની વિશ્વ ની માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના બંધારણ ની રુહે વરણી સમિતિ દ્વારા સર્વાનુમતે વરણી થયેલ માનનીય પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ની કચ્છ ની બે દિવસની મુલાકાતે પધાર્યા.

તા ૪/૧૨/૨૦ ના કે સી ઠક્કર વિભાગીય ઉપપ્રમુખ ના રહેણાંક,ગાંધીધામ મધ્યે આગેવાનો શ્રી લોહાણા મહાપરિષદ ના કચ્છ વિભાગ ના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે સી ઠક્કર, PRO શ્રી સુરેશભાઈ (મુન્દ્રા વાળા) , શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના પ્રમુખ શ્રી પંકજભાઈ માણેક, ગાંધીધામ લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી ભરતભાઈ પાંચાણી , શ્રી વાગડ લોહાણા પરિવાર ના પ્રમુખ શ્રી ધીરૂભાઈ રતાણી , શ્રી ભચાઉ લોહાણા મહાજન ના પુર્વ પ્રમુખ શ્રી લખમશીભાઈ , શ્રી ગાંધીધામ લોહાણા મહાજન ના પુર્વ પ્રમુખ શ્રી પ્રભુલાલ રાજદે , શ્રી વાગડ લોહાણા રઘુવંશી પરિવાર , ગાંધીધામ ના ટ્રસ્ટી શ્રી શામજીભાઈ સચદે દ્વારા માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી નુ સ્વાગત કરવામાં આવ્યું . ત્યારબાદ સર્વ એ જ્ઞાતિના વિકાસ માટે સાથે વિચાર - વિમર્શ કર્યા . શ્રી સતિષભાઈ દ્વારા આગામી પાંચ વર્ષ નો રોડ મેપ માટે અને ૨૬ મુદા નો પ્રોગ્રામ જે જ્ઞાતિ સમક્ષ મુકેલ છે તેની વિગતો સાથે વિસ્તૃત સમજણ આપી, ઉપસ્થિત સર્વે જ્ઞાતિ આગેવાનો એ તન-મન-ધન થી સાથ સહકાર આપવાની ખાત્રી આપી. ત્યારબાદ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ,મૃન્દ્રા થી પધારેલા શ્રી સુરેશભાઈ, રાજકોટથી પધારેલાં શ્રી ફાલગુનભાઈ, શ્રી કે સી ઠક્કર નાં સાથે એમના ઘરે રાત્રિ ભોજન લીધુ.

રાત્રે હોટલ રેડિસન ખાતે શ્રી લોહાણા મહાપરિષદ ના ગુજરાત વિભાગ ના યુવા અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્ય અને હોટલના માલિક યુવા ઉધોગપતિ શ્રી મુકેશભાઈ આચાર્ય દ્વારા શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ને આવકાર આપી સન્માન કર્યુ







બીજા દિવસ તા ૫/૧૨/૨૦ ના શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી વહેલી સવારે ૬ વાગ્યે હોટલ રેડીશન ગાંધીધામ થી પશ્ચિમ કચ્છ ના પ્રવાસે , તિર્થસ્થાન દર્શાનાર્થે તથા હમન કુંડી મધ્યે પ્રાચીન દરિયાસ્થાનના શિલાન્યાસ વિધિ કરવા માટે નીકળ્યા હતા . તેમની સાથે શ્રી લોહાણા મહાપરિષદ ના મહિલા અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રીમતી ડો નિમાબેન આચાર્ય , વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે સી ઠક્કર , મંત્રી શ્રી મુકેશભાઈ, PRO શ્રી સુરેશભાઈ , મધ્યસ્થ મહાસમિતિ ના સભ્યો શ્રી શામજીભાઈ સચદે , શ્રી સુનિલભાઈ , શ્રી સચિનભાઈ વિગેરે જોડાયા હતા. સર્વ પ્રથમ માં આશાપુરા ના દર્શાનાર્થે માતાના મઠ ગયા હતા. માં આશાપુરા ના દર્શન કર્યા બાદ હિન્દુ ધર્મ ના ભારત ના વિખ્યાત તિર્થ સ્થાન નારાયણ સરોવર ગયા હતા. નારાયણ સરોવર મધ્યે ત્રિવિક્રમરાય ભગવાન ના દર્શન કર્યા બાદ સરોવર ના કિનારે તર્પણ વિધિ વિ. પુજા પાઠ કર્યા બાદ કોટેશ્વર જવા નિકળ્યા હતા . કોટેશ્વર મધ્યે દરિયા કિનારે આવેલ કોટેશ્વર મહાદેવ ના દર્શન કર્યા હતા અને વિદ્વાન બ્રાહ્મણ દ્વારા ગર્ભ ગૃહમાં પુજન વિધી કરવામાં આવી હતી.



ત્યારબાદ કચ્છ જિલ્લા ના લખપત તાલુકાના હમન ખુડી ગામે આવેલ દરિયાલાલ (ઝુલેલાલ) દાદા ના ૮૫૭ વર્ષ પુરાણીક મંદિર ના પુનઃ નિર્માણ ના શિલાન્યાસ વિધિ ના પ્રોગ્રામ માટે રવાના થયા . શિલાન્યાસ વિધિ માં માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, માનનીય ધારાસભ્ય શ્રીમતી ડો નિમાબેન આચાર્ય અને અબડાસા વિભાગ ના ધારાસભ્ય પ્રદુમનસિહ જાડેજા દ્વારા કરવામાં આવી અને ત્યારબાદ પ્રોગ્રામ વખતે માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી નુ સન્માન કરવામાં આવ્યું હતું . પ્રોગ્રામ દરમિયાન મુન્દ્રા ના લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી કપિલભાઈ કેસરીયા , નલિયા લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી હરેશભાઈ આહિયા, દયાપર લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી પિયુષભાઈ , શ્રી અખિલ કચ્છ સોશ્યલ ગ્રુપ ના પુર્વ પ્રમુખ શ્રી વંસતભાઈ કોડરાણી , માધાપર ના લોહાણા જ્ઞાતિ ના અગ્રણી દિનેશભાઈ રાજદે , આશાપુરા એગ્રિકલચર ફાર્મીન્ગના જેન્તીભાઇ , પર ભુજ જથ્થાબંધ વેપારી એસોસિએશન ના પ્રમુખશ્રી મેહુલભાઈ ઠકકર , મા ગ્રુપ મુંબઇ ના અશ્રિ્વનભાઈ ચંદન , રાજકોટ કચ્છી લોહાણા મહાજન ના પ્રમુખશ્રી મુકેશભાઈ ઠકકર, લીલાધરભાઈ (ભુજ) - રામ રોટી છાશ કેન્દ્ર ના સંચાલક, નારાયણ સરોવર ના અશ્રિ્વનભાઈ પ્રફુલ્લભાઈ ઠકકર, નવીનભાઈ (બરંદાવાળા), ભાઈલાલભાઈ (મુંદ્રા),અશ્રિ્વનભાઈ રૂપારેલ (રવાપર), સતીષભાઈ (નલિયા) મુળજીભાઈ સેજપાલ(નલીયા),હિરાચંદભાઈ (નલિયા), મહેન્દ્રભાઈ ઠકકર, વિશનજીભાઈ કેશરિયા (વાયોર), જયેશભાઈ (બિટા) , અબડાસા રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના પ્રમુખશ્રી મહેશભાઇ ઠકકર, મંદિર નિર્માણ ના કાર્યકરો પુના વાળા રમેશભાઈ , દયાપરના દિપકભાઈ રેલોન , પ્રવિણભાઈ (વર્માનગર) વિગેરે સાથે પરિચય થયો હતો , શ્રી લોહાણા મહાપરિષદ ના સ્કિલ ડેવલપમેન્ટ ના ચેરમેન શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાલા (સુરત) એ પુજન વિધી નો લાભ લિધો હતો . શ્રી સતિષભાઈએ ત્યા પધારેલ શ્રી લોહાણા મહાપરિષદના મહર્ષિ એવોર્ડ જેમને એનાયત થયેલ એવા પૂજ્ય ચંદુમા ગઢસીસા વાળાના આશીર્વાદ લીધા હતા.







ત્યારબાદ શ્રી લોહાણા મહાજન, ભુજના આમંત્રણ ને માન આપી લોહાણા મહાજન વાડી ભુજની શુભેચ્છા મુલાકાત લીધી હતી . મુલાકાત બાદ મિટિંગમાં મહાજનના પ્રમુખ શ્રી કિરીટભાઇ ગણાત્રા , માધાપર લોહાણા મહાજન ના ટ્રસ્ટી શ્રી શશીકાંતભાઈ , શ્રી લોહાણા મહાપરિષદ ના પુર્વ વિભાગીય ઉપપ્રમુખ શ્રી ભાનુકાન્તભાઈ , માધાપર લોહાણા મહાજન ના પુર્વ પ્રમુખ અને વૃધાશ્રમ ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ મિરાણી , શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી. ઠક્કર, પી. આર. ઓ. શ્રી સુરેશભાઇ (મુન્દ્રા), માધાપર લોહાણા મહાજનના ટ્રસ્ટીશ્રી નટુભાઈ, ફોરેસ્ટ ઓફિસર શ્રી ભરતભાઈ રાજદે, ભુજ લોહાણા મહાજન ના મંત્રીશ્રી સતિષભાઈ શેઠિયા, ખજાનચી શ્રી દિપકભાઈ, કારોબારી સભ્ય શ્રી શશિકાંતભાઈ, મહેન્દ્રભાઈ, નિતીનભાઈ, રાજેશભાઈ, મીતભાઈ, કમલભાઈ, બાલકૃષ્ણભાઈ, યુવક મંડળ ના પ્રમુખશ્રી જીગરભાઈ કોટક, હિતેશભાઈ, કમલેશભાઈ, ધીરેનભાઈ, ભરતભાઈ, હર્ષદભાઈ, ભરતભાઈ રાજદે, રશ્મિકાન્તભાઈ, હરેશભાઈ, મયંકભાઈ, ભુજ લોહાણા મહાજન ના કારોબારી સભ્યો તેમજ ભુજ અને માધાપરના જ્ઞાતિ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ખુબજ સરસ રહ્યો અને આગામી પાંચ વર્ષ ના જ્ઞાતિ ના વિકાસ અંગે , શિક્ષણ , આરોગ્ય સહાય , સંગઠન વિગેરે બાબતે વિચારોનું આદાન પ્રદાન થયું . શ્રી કમલભાઈ કારિયા દ્વારા ભુજ લોહાણા મહાજન ની મિલકતો તથા પ્રવૃત્તિઓ ની વિસ્તૃત માહિતી આપવામાં આવી . ભુજ તથા માધાપર ના સર્વે આગેવાનો એ શ્રી સતિષભાઈ ને

તન-મન- ધન થી સાથ સહકાર આપવા ની ખાત્રી આપી. માનનીય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી એ સરળરિતે આગામી પાંચ વર્ષ નો રોડ મેપ સમજણ આપી અને જ્ઞાતિના વિકાસ માટે જરૂરી એવા ૨૯ મુદ્દા તેમણે કાગળ પર કંડાર્યો છે તેને સાથે આગામી પાંચ વર્ષમાં નકર કામ કરવા માટે વ્યક્તીગત , શ્રી લોહાણા મહાપરિષદ ના આગેવાનો અને મહાજનોને સાથે રાખીને ફળીભૂત કરવા અંગે નેમ વ્યક્ત કરી. કાર્યક્રમ અત્યંત સારો રહ્યો .





ત્યારબાદ લોહાણા ભવન ની શુભેચ્છા મુલાકાત લીધી. શ્રી અખિલ કચ્છ લોહાણા મહાજન ના આગેવાનો શ્રી મેહુલભાઈ વિગેરે દ્વારા શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી નુ સન્માન કરવામાં આવ્યું ત્યારે પંકજભાઈ , દિનેશભાઈ , શામજીભાઈ ભરતભાઈ , બકુલભાઈ વિગેરે હાજર રહ્યાં હતાં .શ્રી અખિલ કચ્છ લોહાણા મહાજન પ્રમુખ શ્રી બળવંતભાઈ નાદુરસ્ત તબિયતને કારણે હાજર રહી શકયા ન હતા.



ત્યારબાદ સર્વ શ્રી અખિલ કચ્છ લોહાણા મહાજન ના પુર્વ પ્રમુખ અને પુર્વ ધારાસભ્ય માનનીય શ્રી મહેશભાઈ ઠક્કર ની શુભેચ્છા મુલાકાતે તેમની ઓફિસે ગયા હતા. શ્રી મહેશભાઈ એ શ્રી સતિષભાઈ નું હાર્દિક સ્વાગત કરેલ . શ્રી સતિષભાઈ અને શ્રી મહેશભાઈ એ મહાપરિષદ જુના સંસ્મરણો તાજા કર્યો હતાં . જ્ઞાતિ ના ઉત્કર્ષ માટે વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું.

ત્યારબાદ રાત્રિ રોકાણ માટે ભુજ થી હોટલ રેડીશન ગાંધીધામ તરફ પ્રયાણ કર્યું હતું . તા ૯/૧૨/૨૦ ના અમદાવાદ જવા રવાના થયા હતા . રાજકોટ થી કચ્છ થઈ અમદાવાદ સુધી શ્રી સતિષભાઈ ના સાળા શ્રી ફાલ્ગુનભાઈ સમગ્ર પ્રવાસ દરમ્યાન સાથે રહ્યા હતા .



લોહાણા જ્ઞાતિ ની વિશ્વવ ની માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના નવા વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી નુ સન્માન કરતા શ્રી જંયતિભાઈ (કેળાં વાળા), કચ્છ જિલ્લા ના લખપત તાલુકાના હમન ખુડી ગામે દરિયાલાલ દાદાના ૮૫૭ વર્ષ પ્રાચીન મંદિર ના પુનઃ નિર્માણ ના શિલાન્યાસ પ્રસંગે , માનનીય ધારાસભ્ય શ્રીમતિ નિમાબેન આચાર્ય , કે. સી . ઠક્કર અને સુરેશભાઈ (મુન્દ્રા વાળા) સાથે

- શ્રી કે. સી . ઠક્કર , ગાંધીધામ
વિભાગીય ઉપપ્રમુખ - કચ્છ, શ્રી લોહાણા મહાપરિષદ

# શ્રી લોહાણા મહાપરિષદ મુંબઇ સહ મહારાષ્ટ્ર - મહિલા સમિતિ









માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઇ કોટકના અધ્યક્ષપદે રચાયેલ ટીમમાં મુંબઇ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતીની મહીલા ઉપાધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન એસ. વિઠલાણીના નેતૃત્વમાં રચના કરવામાં આવી હતી. જેમા મહારાષ્ટ્રના વિવિધ વિભાગોએ આ પાંચ વર્ષ દરમ્યાન હાલના માતૃસંસ્થાના મહિલા સમિતિના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા શ્રીમતી જ્યોતિબેન ઠક્કરના નેતૃત્વમાં લગભગ દરેક પ્રકારના વિવિધ કાર્યક્રમો કર્યા હતા. જેવા કે કાયદાના ફાયદા, સાયબર ક્રાઇમ , પોલિસ મિત્ર, ઇન્સયુરન્સ અને બેંકિંગ, ડેન્ટલ પેલેસેમિયા, એક્યુ પ્રેશર, ઓરગન ડોનેશન પર્યાવરણ, યોગા, બહેનોની આર્થિક પ્રગતિમાટે તોરણ, પવિત્રા, ફ્રેશ ફ્લાવર ડેકોરેશનના ક્લાસિસ, સાંસ્કૃતિક કાર્યક્રમમાં મસ્તીકી પાઠશાલા, તહેવારોમાં નવરાત્રી, દિવાળી સ્નેહમિલન, માતાની ચોકી, કરુણા સહાયમાં અંધાશ્રમ તથા વૃધ્ધાશ્રમમાં કાર્યક્રમો, પીકનીક ઉપરાંત જે કોઇપણ બહેનો લઘુઉદ્યોગ કરતા હોય તેમના વેચાણની પણ સુવિધા આપવામાં આવી હતી.

સૌથી ઉત્તમ કાર્યમાં આ સમિતિએ માલેગાંવ ખાતે મહિલા સમિતિની સ્થાપના પણ કરી હતી અને સતારા ખાતે વસનાર ફક્ત એક જ લોહાણા પરિવારનો પણ આ સમિતીમાં સમાવેશ કર્યો હતો.

આપણી હાલની આજની પરિસ્થિતિ કોવિડ - ૧૯ ની મહામારીના સમયગાળા દરમ્યાન પણ આ સમિતી એ બહેનોનો જુસ્સો અને હિંમત જળવાય, સ્વાસ્થય સચવાય તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ઝૂમ પર પણ યોગા - મોટીવેશન, ક્વીજ - ડાન્સ, હેલ્થી રેસિપી વગેરે જેવા કાર્યક્રમો પણ કર્યા હતા.

શ્રી લોહાણા મહાપરિષદ મુંબઇ સહ મહારાષ્ટ્રની મહિલા સમિતીમાં મુંબઇથી શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી અનુબેન ઠક્કર, શ્રીમતી મીનાબેન મગદાણી, શ્રી નેહાબેન ઠક્કર, દહાણુથી શ્રી ગીતાબેન તથા શ્રી સોનલબેન, ઘાટકોપરથી શ્રી દેવ્યાનીબેન, થાણાથી શ્રી વાસંતીબેન, કલ્યાણથી શ્રી મીનાબેન, ડોંબિવલીથી શ્રી રીટાબેન તથા શ્રી જયશ્રીબેન, બદલાપુરથી શ્રી માલતીબેન, વાશીથી શ્રી શિલ્પાબેન તથા શ્રી ભાવનાબેન, ખપોલીથી શ્રી શિલ્પાબેન - શ્રી સરોજબેન, શ્રી દિવ્યાબેન, નાશીકથી જ્યોતીબેન, અંજુબેન, ઔરંગાબાદથી (બીડ, જલના, નાંદેડ, ધુલીયા) શ્રી રીટાબેન ઠક્કર, પૂનાથી શ્રી કૃતિબેન તથા શ્રી અવનીબેન, સતારાથી જ્યોતિબેન, સાંગલીથી સોનલબેન તથા ભારતીબેન, માલેગાંવથી કીર્તિબેન વગેરે બહેનોના સાથ સહકારથી આ સમિતીની સફર સફળતાપૂર્વક સંપન્ન થઇ હતી.





# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ


શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતી દ્વારા વાઈલ્ડ લાઈફ વીક ની ઉજવણી ના ભાગ રુપે ‘‘લોહાણા ગ્રીન વોરીયર્સ’’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં સર્વે રઘુવંશીઓનો ખુબ સારો પ્રતિસાદ મળેલ અને કુલ ૯૮૪ એન્ટ્રીસ સમગ્ર દેશમાંથી પ્રાપ્ત થયેલ દરેક પ્રતિયોગીને એક ઇ-સર્ટીફીકેટ ઇમેઇલ- વોટસએપ દ્વારા એનાયત કરવામાં આવેલ પ્રતિયોગીનો ઉત્સાહ તથા લાગણીને ધ્યાનમાં રાખી ૧૧ વિજેતાઓની બદલે ૧૫ વિજેતાઓને મોમેન્ટો તથા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ છે. (સ્પીડ પોસ્ટ એ.ડી. દ્વારા મોકલાવેલ). જેની યાદી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **નીલ / વ્રિતીકા ડિ રાજાણી, રાજકોટ** | **વિધિ એ ઠક્કર, સુરત** | **મીના પી બાદીયાણી, મીઠાપુર** |
| **પિનલ એમ રાજાણી, રાજકોટ** | **ધ્રુવિ આર ગોકાણી, થાણે** | **તરુણકુમાર જી ગણાત્રા, બુલદાણા** |
| **રુદ્રી કે સાવજિયાણી, રાજકોટ** | **રીટા એસ રુપારેલીયા, બરોડા** | **દેવાંશ એ ગોવાણી, અમદાવાદ** |
| **પ્રણય પી ઠક્કર, રાધનપુર** | **ક્રિષ્ના પી રુધાણી, વેરાવળ** | **માધવ મજીઠીયા, જામનગર** |
| **ડો. હરિલાલ ડી. ઠક્કર, અમદાવાદ** | **જીગર ડી. ઠક્કર, ગાંધીનગર** | **યશ આર આડતીયા, ગોંડલ** |



શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ, શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રીઓ શ્રી હરીશભાઈ ઠક્કર અને શ્રી પિયુષભાઈ ગંઠા, પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, સંયુક્તમંત્રી શ્રી ભરતભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના સાતેય વિભાગના ઉપાધ્યક્ષશ્રીઓ તથા મંત્રીઓ તથા કારોબારી સભ્યો દ્વારા દરેક ‘‘લોહાણા ગ્રીન વોરીયર્સ’’ સ્પર્ધાના દરેક પ્રતિયોગીતાઓને તથા વિજેતાઓને અભિનંદન પાઠવામાં આવે છે.

તારીખ ૨૪/૧૧/૨૦ના રોજ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના જન્મદિવસ તેમજ તેમના લગ્નની વર્ષગાંઠ નીમીત્તે પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા



શ્રી પ્રવિણભાઈ કોટક તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી અલ્કાબેન કોટક, શ્રી લોહાણા મહાપરિષદ મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર તથા શ્રી લોહાણા મહાપરિષદના સહમંત્રી શ્રી ભવાનભાઈ કોટકના વરદ હસ્તે ''શ્રી પ્રવિણભાઈ કોટક સાથે પર્યાવરણ સમિતિની મધુર સ્મૃતિઓ'' પુસ્તકનું વિમોચન કોટક હાઉસ ખાતે કરવામાં આવેલ. આ પુસ્તક ''શ્રી પ્રવિણભાઈ કોટક સાથે પર્યાવરણ સમિતિની મધુર સ્મૃતિઓ'' શ્રી પ્રવિણ કોટક, શ્રી અલ્કાબેન કોટક તથા શ્રી હરીશભાઈ ઠક્કરને ભેંટ આપવામાં આવેલ. આ પુસ્તકમાં આશરે ૨૫૦ ફોટો પર્યાવરણ સમિતિના વિવિધ કાર્યક્રમોની મધુ યાદી તરીકે તૈયાર કરવામાં આવેલ છે. આ પુસ્તકને તૈયાર કરવા માટે જરૂરી માર્ગદર્શન શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના દ્વારા આપવામાં આવેલ તથા ડિઝાઈનિંગ અને પ્રિન્ટિંગ શ્રી યુવરાજભાઈ ઝાલા દ્વારા કરવામાંઆવેલ.

તારીખ ૨૮/૧૧/૨૦ના રોજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નાગકડા પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજીત રાષ્ટ્રીય સ્પર્ધા ''લોહાણા ગ્રીન વોરિયર્સ''ના વિજેતા શ્રી યશભાઈ આડતિયાને શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી રવિરાજભાઈ ટકરાર તથા રમતગમત સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર દ્વારા મેમેન્ટો તથા સર્ટીફિકેટ આપીને સન્માનિત કરવામાં આવેલ. શ્રીમતી ક્રિષ્નાબેન ઠકરાર, શ્રીમતી ખ્યાતીબેન માણેક તથા નાગકડા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી પલ્લવીબેન મેહતા, શ્રી નરોત્તમભાઈ સેંજલીયા, શ્રી યોગેશભાઈ એ. પિત્રોડા, શ્રીમતી વિજ્યાબેન દાણીધારીયા તથા પર્યાવરણપ્રેમીઓ દ્વારા પર્યાવરણ સમિતિના ''વૃક્ષો વાવો...ધરતી બચાવો'' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ તથા ''યુઝ ક્લોથ બેગ'' અભિયાનનું કેમ્પેઈનીંગ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા સૌ પર્યાવરણ પ્રેમીઓને શુભેચ્છાઓ પાઠવામાં આવેલ અને ટેલીફોનિક રીતે પોતાનો રાજીપો વ્યક્ત કરેલ



પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા સૌને પર્યાવરણની વિવિધ પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવવામાં આવે છે.

- કિરીટભાઈ ભિમાણી

રાષ્ટ્રીય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119

મધ્યસ્થ કાર્યાલય : ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ. ફોન : +91 79 40091005

Email : jaymahaparishad@gmail.com • Website : www.lohanamahaparishad.org

| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હરીશ બી. ઠક્કર/પિયુષ જી. ગંઠા |
|---|---|---|
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |


તા. **2-12-2020**

## કારોબારી સમિતિની બેઠક

પ્રતિ,
પરમ સ્નેહી કારોબારી સભ્યશ્રી,

જય રઘુવંશ      જય મહાપરિષદ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની મીટીંગ પ્રવર્તમાન સંજોગો અનુસાર ઝૂમ એપ પર તા. 19 ડીસેમ્બર, 2020 ને શનિવારના રોજ સાંજે 4.00 કલાકે ઓનલાઈન યોજાશે. આ મીટીંગમાં આપને ઓનલાઈન જોડાઈને ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. આ માટે આપના ડીવાઈસમાં "ઝૂમ" એપ ડાઉનલોડ કરી તે માટેના ID & Password વગેરેની માહિતી આ સાથે અલગથી આપી છે. આ મીટીંગમાં આપને ઓનલાઈન જોડાઈને ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. આ બેઠકમાં ફક્ત અને ફક્ત કારોબારી સભ્ય જ જોડાઈ શકશે.

આ નિમંત્રણ સ્વીકારી આપ જોડાવાના છો તેની જાણકારી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના WhatsApp No. 99099 99308 તથા ઈમેલ ID - jaymahaparishad@gmail.com પર અથવા પત્રથી મધ્યસ્થ કાર્યાલય પર આગોતરી જાણ કરવા નમ્ર વિનંતી.

**મીટીંગ ID :- 884 942 2577**      **Password :- 123456**

**વિશેષ નોંધ :- ઝૂમ એપ વિશે કોઈ પણ માહિતી કે માર્ગદર્શન માટે**

સંપર્ક -

જય નાગોરા :- 99099 99308

# શ્રી લોહાણા મહાપરિષદ

## -: એજન્ડા :-

### કારોબારી સમિતિ બેઠક

### તા. 19 ડીસેમ્બર, 2020 ને શનિવાર (સાંજે 4:00 કલાકે)

1. ઝૂમ એપ પર ઓનલાઇન હાજર રહેલા સભ્યોનું રજીસ્ટ્રેશન
2. રઘુવંશી ધ્વજવંદન
3. સંદેશાવાંચન
4. દિવંગતોને શ્રદ્ધાંજલિ તથા શોક ઠરાવ
5. તા. 1 જુલાઈ, 2020 ના રોજ ઓનલાઈન ઝૂમ એપ પર મળેલી ગત કારોબારી સમિતિ બેઠકની મિનિટ્સનું વાંચન અને બહાલી
6. શ્રી લોહાણા મહાપરિષદ તથા રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના તા. ૩૧-૩-૨૦૨૦ ના રોજ પુરા થતા તેમજ ટ્રસ્ટ મંડળમાં મંજુર થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ઓડીટ થયેલા હિસાબોની રજૂઆત તથા બહાલી
7. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આગામી પાંચ વર્ષ ૨૦૨૦ - ૨૦૨૫ માટે ઓડીટરની નિમણુંક
8. તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે મળેલ મધ્યસ્થ મહાસમિતિમાં બંધારણના નિયમો મુજબ રચાયેલ વરણી સમિતિની દ્વિતીય મિટિંગ તા.૧૦ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ ઝૂમ એપ પર મળેલ જેમાં આગામી પાંચ વર્ષ માટે સર્વાનુમતે વરણી પામેલ પ્રમુખશ્રીના નામની જાહેરાત
9. માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્ઝ પૈકી વર્ષ ૨૦૧૯ ના બાકી રહેલ એવોર્ડની દાતાશ્રીઓના શુભ હસ્તે એનાયત વિધિ
9. માતૃસંસ્થા દ્વારા કોરોના વાયરસની વૈશ્વીક મહામારીના જરુરીયાતમંદ પરિવારો માટે થયેલ સરાહનીય કાર્યોની વિગત
10. પ્રમુખકીય ઉદ્‌બોધન : શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા તથા પ્રમુખસ્થાનેથી જે રજૂ થાય તે
11. આભારવિધિ

હરીશ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા

મંત્રીશ્રીઓ

# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119
કાર્યાલય : ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં,
એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન : +૯૧ ૭૯ ૪૦૦૯ ૧૦૦૫
Email:jaymahaparishad@gmail.com Website :www.lohanamahaparishad.org

| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હરીશ બી. ઠક્કર/પિયુષ જી. ગંઠા |
|---|---|---|
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |

તા. ૦૮-૧૨-૨૦૨૦

## મધ્યસ્થ મહાસમિતિની બેઠક

પ્રતિ,
સ્નેહી મધ્યસ્થ મહાસમિતિના સભ્યશ્રી,
શ્રી લોહાણા મહાપરિષદ

જય રઘુવંશ જય મહાપરિષદ

શ્રી અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજ તથા શ્રી મુંબઈ લોહાણા મહાજનના સ્નેહભર્યા આમંત્રણને માન આપીને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વર્ષ 2020 - 2025 માટે નવરચના પામેલી મધ્યસ્થ મહાસમિતિની પ્રથમ બેઠક હાલના પ્રવર્તમાન સંજોગો અનુસાર ઝૂમ એપ પર તા. 20 ડીસેમ્બર, 2020 ને રવિવારના રોજ બપોરે 2.30 કલાકે ઓનલાઈન યોજાશે. આ મીટીંગમાં આપને ઓનલાઈન જોડાઈને ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે.

આ નિમંત્રણ સ્વીકારી આપ જોડાવાના છો તેની જાણકારી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના **WhatsApp No. 99099 99308** તથા ઈમેલ ID - **jaymahaparishad@gmail.com** પર અથવા પત્રથી મધ્યસ્થ કાર્યાલય પર આગોતરી જાણ કરવા નમ્ર વિનંતી.

હરીશ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા
મંત્રીઓ

નોંધ- મીટીંગ એજન્ડા તેમજ આ મીટીંગમાં જોડાવવા માટેની જરૂરી સુચનાઓ આ સાથે સામેલ છે, જેથી જરૂરી સુચનાઓ ધ્યાને લઈ સહકાર આપવા વિનંતી.

# શ્રી લોહાણા મહાપરિષદ

-: એજન્ડા :-

મધ્યસ્થ મહાસમિતિની બેઠક, તા. ૨૦ ડીસેમ્બર, ૨૦૨૦ (બપોરે ૨.૩૦ કલાકે)

૧. પ્રસ્તાવના

૨. રઘુવંશી ધ્વજવંદન

૩. દિવગંતોને શ્રદ્ધાંજલિ તથા શોક ઠરાવ

૪. યજમાન સંસ્થાઓ વતી સ્વાગત પ્રવચન

૫. તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન અને બહાલી

૬. શ્રી લોહાણા મહાપરિષદ તથા રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ઓડીટ થયેલા હિસાબોની રજૂઆત તથા બહાલી

૭. શ્રી લોહાણા મહાપરિષદના વર્ષ ૨૦૨૦ - ૨૦૨૫ માટે ઓડીટરની નિમણુંક બાબતે

૮. મુદ્દત પુર્ણ થયા બાદ મધ્યસ્થ મહાસમિતિના સભ્યપદ માટે મહાજનશ્રીઓ તથા સંસ્થાઓ દ્વારા આવેલ ફોર્મ અંગે રજુઆત અને બહાલી

૯. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકનું ઉદ્‌બોધન

૧૦. શ્રી લોહાણા મહાપરિષદના બંધારણની જોગવાઈઓ અન્વયે નવરચિત મધ્યસ્થ મહાસમિતિની પાંચ વર્ષના સત્ર (વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫) માટે વરણી સમિતિ દ્વારા સર્વાનુમતે પસંદગી પામેલ શ્રી સતીષભાઈ વિઠલાણી ની મધ્યસ્થ મહાસમિતિ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે વરણીની વરણી સમિતિના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા જાહેરાત તથા નવા વરાયેલ પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીની વિધિવત પદગ્રહણ કાર્યવાહી

૧૧. મધ્યસ્થ મહાસમિતિ દ્વારા વરણી પામેલા પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીનું ઉદ્‌બોધન તથા પ્રમુખ સ્થાનેથી જે રજુ થાય તે

૧૨. યજમાન સંસ્થાઓનું માતૃસંસ્થા દ્વારા સન્માન, આભારવિધિ તથા સમાપન

હરીશ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા

મંત્રીઓ

નોંધ -

૧) કોરમના અભાવે આ બેઠક મુલત્વી રહેશે તો ફરીથી ઓનલાઈન ઝૂમ એપ પર જ ૩૦ મીનીટ બાદ બેઠક ફરીથી મળશે જેને કોરમનો બાધ રહેશે નહીં.

RNI NO. : GUJ GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2020-2022 valid upto 31st December-2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th December 2020

7000 પરીવારોના અતુટ વિશ્વાસ બાદ
આપની વચ્ચે ફરી એકવાર....
"આપના આંગણે અમારૂ વધુ એક નવુ સોપાન"

અમદાવાદથી માત્ર 45 મીનીટના અંતરે...
રેસીડેન્સીયલ પ્લોટમાં રોકાણ કરવાની ઉત્તમ તક

# બાલાજી ઉપવન-૨

## માત્ર રૂા. 5999/- ના સરળ માસીક હપ્તે
## રોકડાનો ભાવ અલગથી રહેશે.

એક્ચુલ સાઇટ ફોટો




- 100 થી 1000 વારના પ્લોટ
- એન.એ. ટાઇટલ કલીયર
- સેલ્સ પાર્ટનર આવકાર્ય

પ્રથમ ડ્રો નું ઇનામ
ઓડી A3



સાઇટ એડ્રેસ : બાલાજી ઉપવન, બગોદરા-તારાપુર ૬ લાઇન હાઇવે, બગોદરા, જી.અમદાવાદ

ડેવલોપર્સ
બાલાજય ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.

બુકિંગ સંપર્ક
M: 99793 69999
M: 95749 19999

શ્રી લોહાણા મહાપરિષદના નવ વરાયેલ પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીને ખૂબ ખૂબ અભિનંદન.

- જયેન્દ્રભાઈ ઠક્કર પરિવાર અમદાવાદ.

Printed and Published by PRAVIN T. KOTAK on behalf of SHREE LOHANA MAHAPARISHAD and Printed at Print Vision Private Limited, Print Vision House, Lane Opp Ashwamegh Elegance 2, Ambawadi Market Ahmedabad – 380 006 and published from Shree Lohana Mahaparishad, Iscon Mega Mall Besement, Near Iscon Temple, S.G Highway AHMEDABAD - 380 059
Editor – CHANDRAKANT J. TANNA.